અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળના ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ (અ.જા.), ગાંધીનગરને વર્ષ ૨૦૨૨-૨૩ માં સીધા ધિરાણ યોજના હેઠળ ફાળવેલ રૂા.૫૦૦.૦૦ લાખની યોજનાઓને મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:-અવન-૧૭૨૦૨૨-૪૭૪-જ.
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૯-૧૧-૨૦૨૨

**વંચાણમાં લીધા:-**

1. વિભાગનો તા.૨૮-૦૪-૨૦૨૨નો ઠરાવ ક્રમાંક:EOD/e-file/17/2022/0073/જ.
2. વિભાગનો તા.૦૮/૦૨/૨૦૧૭નો ઠરાવ ક્રમાંક:અવક/૧૫૨૦૧૬/૧૦૫૧૩૧(પા.ફા.)/જ.
3. નાણા વિભાગનો તા.૧૮/૦૯/૨૦૧૯નો પરિપત્ર ક્રમાંક:જનવ/૧૦/૨૦૧૯/૪૭૪/અ.
4. ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.),ગાંધીનગરનો તા.૨૫-૦૩-૨૦૨૨નો પત્ર ક્રમાંક:ડૉ.આઅંવિનિ/૨૮૨/વહીવટ/૨૦૨૧-૨૨/૨૦૩૦-૩૧.

**આમુખ:-**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના વંચાણે લીધેલ ક્રમ(૧) પરના તા.૨૮-૦૪-૨૦૨૨ના ઠરાવથી, આ વિભાગ હસ્તકના અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળના ત્રણ નિગમોને વર્ષ ૨૦૨૨-૨૩માં સીધા ધિરાણ યોજના હેઠળ લોન આપવા માટે રૂા.૨૫૦૦.૦૦ લાખની નવી બાબતને વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી. જે પૈકી ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.), ગાંધીનગરને રૂા.૫૦૦.૦૦ લાખ ફાળવવામાં આવેલ છે.

જે અન્વયે ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.), ગાંધીનગર દ્વારા વંચાણે લીધેલ ક્રમ(૪) પરના તા.૨૫-૦૩-૨૦૨૨ના પત્રથી એકશન પ્લાનમાં જણાવ્યા મુજબની યોજનાઓને મંજૂરી આપવા દરખાસ્ત કરેલ છે.

ઠરાવ:-

૧. પુખ્ત વિચારણાના અંતે, વર્ષ ૨૦૨૨-૨૩માં ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ (અ.જા.), ગાંધીનગરની નીચે મુજબની યોજનાઓને, કોષ્ઠકની નીચે દર્શાવેલ શરતોને આધીન આથી મંજુરી આપવામાં આવે છે:-

| ક્રમ | યોજનાનુ નામ | વિગત | | યુનિટ | રકમ |
|---|---|---|---|---|---|
| ૧ | પેસેન્જર વાહન/ માલવાહક વાહન | હેતુ | અંત્યોદય જ્ઞાતિના બેરોજગાર વ્યકતિઓ સ્વરોજગારી મેળવી શકે તે હેતુથી પેસેન્જર થતા માલવાહનના ફોરવ્હીલર માટે ધિરાણ પૂરૂ પાડવા બાબત. | ૫૬ | રૂા.૪૨૦.૦૦ લાખ |
| | | ધિરાણની રકમ | રૂા.૭,૫૦,૦૦૦/- સુધી | | |
| | | વ્યાજનો દર | ૪ % | | |
| | | મુદ્દત | ૮ વર્ષ | | |
| | | રાજય સરકારનો ફાળો | ૧૦૦% | | |
| | | જામીનદાર | બે જામીનદાર | | |
| ૨ | વિભિન્ન નાના ધંધા વ્યવસાય | હેતુ | અંત્યોદય જ્ઞાતિના બેરોજગાર વ્યક્તિઓ માટે નાના ઉદ્યોગ/ ધંધાની જરૂરીયાતો પૂરી કરવા અને સ્વરોજગારી ઉભી કરવા માટે | ૬૪ | રૂા.૮૦.૦૦ લાખ |
| | | ધિરાણની રકમ | રૂા.૧,૨૫,૦૦૦/- સુધી | | |
| | | વ્યાજનો દર | ૪% | | |
| | | મુદ્દત | ૬૦ માસ (૫ વર્ષ) | | |
| | | રાજય સરકારનો ફાળો | ૧૦૦% | | |
| | | જામીનદાર | બે જામીનદાર | | |
| | | | કુલ | ૧૨૦ | રૂા.૫૦૦.૦૦ લાખ |

1. શૈક્ષણિક હેતુઓ માટે નિગમોએ રાજ્ય સરકારને ચૂકવવાના થતા વ્યાજના દર ૧.૫% અને અન્ય હેતુઓ માટે વ્યાજનો દર ૪% રહેશે.

2. નિગમોએ લાભાર્થી પાસેથી NSFDCના નિયત થયેલ દરે વ્યાજ લેવાનું રહેશે તેમજ NSFDCની શરતો મુજબ ધિરાણ કરવાનું રહેશે.
3. પરત ચૂકવણીનો સમયગાળો શૈક્ષણિક હેતુની લોન માટે ૧૦ વર્ષ અને અન્ય લોન માટે ૮ વર્ષનો રહેશે.
4. લાભાર્થી દ્વારા લોનની પરત ચૂકવણી સમયસર કરવામાં ન આવે તો ૨% દંડનીય વ્યાજ વસુલ કરવાનું રહેશે.
5. લોનની રીકવરી માટે રીકવરી પદ્ધતિ અંગેનુ ડિજિટલ સોફ્ટવેર બનાવવાનું રહેશે.
6. લોનની ચૂકવણી માટેના હપ્તા લોન ફાળવણી તારીખથી અર્ધવાર્ષિક ધોરણે નકકી કરવાના રહેશે અને નિગમ દ્વારા ચૂકવણી જે તારીખે લેણી થતી હોય તે તારીખો ખાસ નિયત કરી દર્શાવવાની રહેશે.
7. નાણા વિભાગના તા.૧૮-૦૯-૨૦૧૯ના પરિપત્રની અન્ય સૂચનાઓનુ તેમજ નાણા વિભાગના વખતો વખતની તમામ સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

૨. <u>યોજનાનો લાભ લેવા માટે અરજદાર નીચે જણાવેલ યોગ્યતા/પાત્રતા ધરાવતા હોવા જોઇએઃ-</u>

1. અરજદાર મુળ ગુજરાતના વતની અને અનુસૂચિત જાતિ પૈકી અંત્યોદય જાતિના બેરોજગાર હોવા જોઈએ.(સફાઇ કામદાર અથવા તેના આશ્રિત ન હોય તેવા)
2. અરજદારના કુટુંબની વાર્ષિક આવક રૂા.3.00 લાખથી વધુ હોવી જોઈએ નહી.
3. અરજદારની ઉંમર જાહેરાતની તારીખે ૧૮ વર્ષથી ઓછી નહીં ૫૦ વર્ષથી વધુ ન હોવી જોઇએ.
4. ઉચ્ચ અભ્યાસ (શૈક્ષણિક ધિરાણ)ની યોજનામાં અરજદારની ઉંમર જાહેરાતની તારીખે ૧૫ વર્ષથી ઓછી નહીં અને ૩૫ વર્ષથી વધુ ન હોવી જોઇએ.
5. અરજદારના કુટુંબના કોઇ સભ્ય સરકારી કે અર્ધસરકારી કચેરીમાં ફરજ બજાવતા હોવા જોઈએ નહી.
6. અરજદાર કે તેમના કુટુંબના સભ્યએ આ નિગમની કે સરકારશ્રીની કોઇપણ યોજના હેઠળ અગાઉ ધિરાણ મેળવેલ ન હોય, તેવા જ અરજદારો આ જાહેરાત અન્વયે અરજી કરી શકશે.
7. બી.પી.એલ./વિધવા/ત્યકતા/વિકલાંગને અગ્રિમતા આપવામાં આવશે.

8. વાહન ધિરાણ યોજના માટે અરજી કરનાર જાહેરાતની તારીખે જે તે વાહન ચલાવવાનું માન્ય લાયસન્સ ધારણ કરતા હોવા જોઈએ.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર વિભાગના અધિક મુખ્ય સચિવશ્રીની તા.૦૭-૧૧-૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(હેતલ ગોહેલ)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

1. માન. મંત્રીશ્રી, સા.ન્યા.ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
2. અધિક મુખ્ય સચિવશ્રી, સા.ન્યા. ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
3. નાણા સલાહકારશ્રી (સા.ન્યા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
4. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
5. એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
6. નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
7. મેનેજીંગ ડીરેકટરશ્રી, ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.), કર્મયોગી ભવન, ગાંધીનગર.
8. સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ઉકત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.
9. સેક્શન અધિકારીશ્રી, નાણા વિભાગ (અ-શાખા), સચિવાલય, ગાંધીનગર.
10. પસંદગી ફાઇલ-૨૦૨૨.